દુનિયાનાં કેટલાંક સીમાચિહ્નરૂપ ટેન્ક યુદ્ધો

‘ધુરંધર’ ફિલ્મે અત્યારે એવી ધમાલ કરી દીધી છે કે હાલ ચારેકોર બસ, તેની જ ધૂમ મચી છે. આ બધાની વચ્ચે ‘ઈક્કિસ’ ફિલ્મ બોક્સઓફિસ પર શું અને કેવો કમાલ કરશે એ તો આવનારો સમય કહેશે પણ સામાન્ય લોકચર્ચામાં પણ હજી તે જોઈએ એવી અસર ભાગ્યે જ ઉપજાવી શકી છે. આ બંને ફિલ્મો આમ તો બે સત્યઘટનાઓ પર આધારિત હોવાનું જ કહેવાય છે. તેમ છતાં આ નોંધપાત્ર તફાવત આંખે ઉડીને વળગે તે રીતે દેખાય છે. જોકે ફિલ્મ ‘ઈક્કિસ’ અંગે જે થોડીઘણી ચર્ચા શરૂ થઈ છે તેમાં આ ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ અને અગસ્ત્ય નંદાની પહેલી ફિલ્મ છે એ ઉપરાંત એક મુદ્દો છે સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલની મૂળભૂત રીતે સેન્ચુરિયન પ્રકારની પણ જેનું નામ ફામાગુસ્તા પાડવામાં આવ્યું એવી ટેન્ક. આ જ નિમિત્તે આ વખતે વિશ્વના લશ્કરી ઈતિહાસના કેટલાંક જાણીતા ટેન્ક યુદ્ધની તેમ જ આ ફામાગુસ્તા ટેન્કનું નામ ફામાગુસ્તા કઈ રીતે પડ્યું તેની વાત કરી છે. તેની સાથે પૂના હોર્સ રેજિમેન્ટ વિશે પણ ટૂંકમાં વાત કરી છે.

સૌ પ્રથમ ફામાગુસ્તા ટેન્કના નામનો ઈતિહાસ જોઈએ. ખરેખર તો ફામાગુસ્તા એ સાયપ્રસનું એક શહેર છે. બીજા વિશ્વયુદ્ધમાં સાયપ્રસનું આ ફામાગુસ્તા શહેરમાં એક મહત્ત્વપૂર્ણ યુદ્ધ મોરચો મંડાયો હતો અને આખું શહેર જાણે એક લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું હતું. આ યુદ્ધ મોરચે હાથ ધરાનારી ઘણીબધી લશ્કરી કાર્યવાહીઓમાં ટેન્કની ભૂમિકા મહત્ત્વની બનશે એ પહેલેથી જ અહીં તે સમય મુજબ અત્યાધુનિક ગણાતી પોતાની એટલે કે બ્રિટિશ સેન્ચુરિયન ટેન્કો તૈનાત કરી હતી. આ ટેન્કો મૂળભૂત રીતે પૂના હોર્સ કહેવાતી રેજિમેન્ટની હતી. એટલે એમ કહી શકાય કે સાયપ્રસના ફામાગુસ્તાના મોરચે પૂના હોર્સ રેજિમેન્ટની ભૂમિકા પણ મહત્ત્વની બની રહી હતી. આ સેન્ચુરિયન ટેન્કો તૈનાત થતા લગભગ આખા બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સાયપ્રસના ફામાગુસ્તાનો આ યુદ્ધ મોરચો લગભગ અજેય બની રહ્યો હતો. એટલે બીજા વિશ્વયુદ્ધમાં ફામાગુસ્તાના મોરચે સેન્ચુરિયન ટેન્કે ભજવેલી ચાવીરૂપ ભૂમિકાની યાદમાં આ ટેન્કને ફામાગુસ્તા નામ અપાયું હતું અને પછી ઈતિહાસમાં આ ટેન્ક ફામાગુસ્તા ટેન્ક તરીકે જ જાણીતી બની હતી. જોકે તેને ખરા અર્થમાં અવિસ્મરણીય બનાવી સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલના સર્વોચ્ચ અને અભૂતપૂર્વ બલિદાને. સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલે દેશની રક્ષા કાજે સર્વોચ્ચ

આ યુદ્ધ મોરચે હાથ ધરાનારી ઘણી બધી લશ્કરી કાર્યવાહીઓમાં ટેન્કની ભૂમિકા મહત્ત્વની બનશે એ પહેલેથી જ અહીં તે સમય મુજબ અત્યાધુનિક ગણાતી પોતાની એટલે કે બ્રિટિશ સેન્ચુરિયન ટેન્કો તૈનાત કરી હતી. આ ટેન્કો મૂળભૂત રીતે પૂના હોર્સ કહેવાતી રેજિમેન્ટની હતી

બલિદાન આપીને જેનું પાસું આપણા પક્ષમાં પલટી નાખ્યું એવી બેટલ ઓફ બસંતર પછી તેમની આ ફામાગુસ્તા ટેન્ક અસાધારણ વીરતા, પોતાની જાત કરતાં રાષ્ટ્રની સુરક્ષાની સર્વોપરીતા વગેરે બાબતોનો પર્યાય બની ગઈ છે. આપણા લશ્કરના ઘણા અધિકારીઓ સ્વીકારી ચુક્યા છે તેમ આ ટેન્કને જોઈને લશ્કરમાં સૌ કોઈને સૌપ્રથમ બીજા વિશ્વયુદ્ધનો સાયપ્રસનો મોરચો અને બીજા ક્રમે બેટલ ઓફ બસંતરમાં આ ટેન્ક અને તેના ટેન્ક કમાન્ડર સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલે ભજવેલી ભૂમિકા યાદ આવે છે અને સૌમાં જાણે એક

નવા ઉત્સાહ અને હિંમતનો સંચાર થઈ જાય છે. કયા સંજોગોમાં અરુણ ખેતરપાલે આ ચાવીરૂપ ભૂમિકા ભજવેલી એ પણ ટૂંકમાં સમજવા જેવું છે. અરુણે આ યુદ્ધમાં ભાગ લીધો ત્યારે હજી તે ભારતીય લશ્કરમાં જોડાયાને માંડ 6 મહિના જેટલો સમય થયો હતો અને આ લશ્કરી અધિકારીએ જે પ્રકારે નેતૃત્વ કરીને સર્વોચ્ચ બલિદાન આપ્યું તે સત્તાવાર રીતે તેની ફરજનો હિસ્સો નહોતો. મતલબ કે તેમની પાસેથી સત્તાવાર રીતે આવી અપેક્ષા પણ રખાતી નહોતી અને છતાં તેમણે આ બલિદાન આપ્યું હતું. આ જ કારણે તેમને મરણોપરાંત પરમવીર ચક્ર પણ એનાયત થયું હતું. એટલું જ નહીં ઈન્ડિયન મિલિટરી એકેડેમીના અભ્યાસક્રમમાં ટેન્ક યુદ્ધની વ્યૂહરચનાની દૃષ્ટિએ બેટલ ઓફ બસંતરનું એક આખું સ્વતંત્ર પ્રકરણ સમાવાયું છે અને તેમાં અરુણ ખેતરપાલની ભૂમિકાનો પણ અલગથી સ્વતંત્ર રીતે ઉલ્લેખ કરાયો છે. પૂના હોર્સ એ બ્રિટિશ ઈન્ડિયાની સૌથી જૂની રેજિમેન્ટોમાંની એક રેજિમેન્ટ છે.

આ ઉપરાંત વિશ્વના ઈતિહાસના જાણીતા ટેન્ક યુદ્ધોની વાત કરીએ તો તેમાં બંને વિશ્વયુદ્ધ દરમ્યાન થયેલા મહત્ત્વપૂર્ણ ટેન્ક યુદ્ધોનો મહદંશે સમાવેશ થાય છે. આમાં નોંધપાત્ર બાબત એ જ છે કે પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ટેન્કોનો સૌપ્રથમ ઉપયોગ જર્મનીએ કર્યો હતો. આ સિવાયના જાણીતા ટેન્ક યુદ્ધોમાં 1965માં થયેલ બેટલ ઓફ ચાવિન્ડા, 1969માં થયેલ બેટલ ઓફ બેન હેટ અને 1991ની ગલ્ફવૉર દરમ્યાન થયેલ બેટલ ઓફ 73 ઈસ્ટિંગનો સમાવેશ થાય છે. આ ત્રણેય ટેન્ક યુદ્ધોની વિગતો ટૂંકમાં જોઈએ:

બેટલ ઓફ ચાવિન્ડા

1965ના ભારત-પાક. યુદ્ધ દરમ્યાન થયેલી આ ટેન્ક બેટલ બંને દેશો વચ્ચેની અત્યાર સુધીની સૌથી મોટી ટેન્ક બેટલ ગણાય છે. 1965ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં જો U.N.ના હસ્તક્ષેપના લીધે ફરજિયાત યુદ્ધવિરામનો તબક્કો ન આવ્યો હોત તો આ ટેન્ક યુદ્ધ સમગ્ર યુદ્ધનું પાસું પલટવામાં નિર્ણાયક બની રહેત એ સ્પષ્ટ છે.

બેટલ ઓફ બેન હેટ

1969ની આ ટેન્ક બેટલ વિયેતનામ વૉર દરમ્યાન અમેરિકા અને વિયેતનામ વચ્ચે થયેલું સૌથી મોટું ટેન્ક યુદ્ધ છે. જે સમયે આ યુદ્ધ થયું એ સમયે બેન હેટ એ અમેરિકાનું મહત્ત્વનું લશ્કરી થાણું હતું, જેના પર વિયેતનામે ટેન્કોથી આક્રમણ કર્યું હતું અને તેમાં નોંધપાત્ર બઢત પણ હાંસલ કરી હતી જે પછીના તબક્કે સમગ્ર યુદ્ધની દૃષ્ટિએ પણ મહત્ત્વની બની રહી હતી.

બેટલ ઓફ 73 ઈસ્ટિંગ

1991ની ગલ્ફવૉર દરમ્યાન થયેલી આ ટેન્ક બેટલ અમેરિકા અને બ્રિટનના સંયુક્ત લશ્કર દળો દ્વારા હાથ ધરાયેલા ઈરાક સામેના ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મ દરમ્યાન અમેરિકા અને બ્રિટનના સંયુક્ત લશ્કરી દળોને મળેલા ચાવીરૂપ વિજય માટે ખૂબ જ મહત્ત્વની બની રહી હતી. •

‘રાજા સાબ’માં પ્રભાસની ઈમેજ સાથેનો પ્રયોગ ઊંધો પડ્યો!

ફિલ્મ ‘ધ રાજા સાબ’ને પહેલા દિવસે બધી જ ભાષામાં મળેલું રૂ.52 કરોડનું ઓપનિંગ એ વાતની ગવાહી આપે છે કે ભારતમાં ‘બ્રાન્ડ પ્રભાસ’ હજુ પણ અજેય છે. આ કલેક્શન વાર્તાને કારણે નહીં પણ પ્રભાસને પડદા પર જોવા માટે તલપાપડ તેના ચાહકોને કારણે મળ્યું છે. નિર્દેશક મારુતિએ પ્રભાસના સ્ટારડમને સંતોષવા માટે એક્શન, રોમાન્સ, કોમેડી અને હોરર એમ બધું જ એકસાથે મિક્સ કરી દીધું છે. પરિણામે જે મૂળ જોડાણ દર્શકો સાથે થવું જોઈએ તે તૂટી જાય છે. આ બધો જ અતિરેક ફિલ્મનો આનંદ બગાડે છે અને એમ વિચારવા મજબૂર કરે છે કે, ‘શું ખરેખર આ બધું એક જ ફિલ્મમાં જરૂરી હતું?’ વિવેચકોએ એક સ્ટાર આપવાની પણ અનિચ્છા દર્શાવી એ ફિલ્મ જગત માટે એક ચેતવણી સમાન છે. કારણ કે જ્યારે ભારતનો સૌથી મોટો સુપરસ્ટાર હોય ત્યારે નિર્દેશકે માત્ર ‘ચલતા હૈ’ જેવી પટકથા પર ફિલ્મ ન બનાવવી જોઈએ. પરિણામે બીજા દિવસે અડધા જ રૂ.26 કરોડ મળ્યા હતા. અને હિન્દીમાં તો એનું સૌથી ઓછું રૂ.16 કરોડનું ઓપનિંગ છે. પ્રભાસનું હવે માત્ર ‘પેન-ઈન્ડિયા’ સ્ટાર હોવું પૂરતું નથી. સ્ક્રિપ્ટનું મજબૂત હોવું અનિવાર્ય છે. પ્રભાસે હવે ક્વોન્ટિટી ને બદલે ક્વોલિટી અને પ્રયોગોને બદલે ચુસ્ત પટકથા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

નિર્દેશક મારુતિએ પ્રભાસના સ્ટારડમને સંતોષવા માટે એક્શન, રોમાન્સ, કોમેડી અને હોરર એમ બધું જ એકસાથે મિક્સ કરી દીધું છે. પરિણામે જે મૂળ જોડાણ દર્શકો સાથે થવું જોઈએ તે તૂટી જાય છે. આ બધો જ અતિરેક ફિલ્મનો આનંદ બગાડે છે

આ ફિલ્મ પ્રભાસની સૌથી ખરાબ ફિલ્મ ગણાવવા પાછળનાં કારણો સ્પષ્ટ છે. ‘આદિપુરુષ’માં ઓછામાં ઓછું વિઝ્યુઅલ સ્કેલ હતું. જ્યારે ‘ધ રાજા સાબ’માં ન તો સાચી હોરર છે ન તો સાચી કોમેડી. એવો પ્રશ્ન થયો છે કે, ‘પ્રભાસે આ સ્ક્રિપ્ટ માટે હા પાડતા પહેલા વાંચી પણ હતી કે કેમ?’ એક સમય હતો જ્યારે ‘બાહુબલી’ પ્રભાસના એક ઈશારે આખું માહિષ્મતી સામ્રાજ્ય હચમચી જતું હતું. આજે તે નબળા VFX અને સામાન્ય કોમેડીમાં ફસાયેલો જોવા મળે છે. પ્રભાસની આંખોમાં હવે પહેલા જેવી તીવ્રતા જોવા મળતી નથી. કદાચ સતત મોટા બજેટની ફિલ્મોનું દબાણ અને શૂટિંગના લાંબા શિડ્યુલ્સ તેને થકવી રહ્યા છે. નિર્દેશકે પ્રભાસની ઈમેજ સાથે જે પ્રયોગ કર્યો છે તે ઊંધો પડ્યો હોય તેમ લાગે છે.

ફિલ્મોગ્રાફ

રાકેશ ઠક્કર

ચાહકોને આશા હતી કે કંઈક નવું જોવા મળશે પણ ઈન્ટરવલ સુધીમાં તો એ લોકો પણ માથું પકડીને બેસી ગયા હતા. સોશ્યલ મીડિયા પર એવા મીમ્સ ફરી રહ્યા છે કે, ‘ભલે 52 કરોડની કમાણી થઈ પણ એ કમાણી પ્રભાસના પર્ફોર્મન્સની નથી. એ તો અમારા જેવા ભોળા ચાહકોના વિશ્વાસની છે!’ વકરો ભલે ગમે તેટલો હોય પણ ‘ધ રાજા સાબ’એ સાબિત કરી દીધું કે સ્ટાર પાવરથી ફિલ્મને ઓપનિંગ મળી શકે પણ તેને ક્લાસિક કે હિટનો ટેગ અપાવવા માટે વાર્તામાં જ દમ હોવો જોઈએ. કોઈ ફિલ્મને હોરર-કોમેડી તરીકે ઓળખાવવામાં આવે ત્યારે દર્શકો ‘સ્ત્રી’ અથવા ‘ભૂલ ભૂલૈયા’ જેવી અપેક્ષા રાખતા હોય છે, જેમાં ડર અને હાસ્યનું સંતુલન હોય. આ ફિલ્મમાં હોરરના નામે માત્ર જૂની પુરાણી ટ્રીક્સ અને મોટા અવાજોનો સહારો લેવાયો છે. જે ડરાવવાને બદલે ક્યારેક કંટાળો આપે છે.

હીરોઈનોની વાત કરીએ તો માલવિકા મોહનન અને નિધિ અગ્રવાલને જોઈને એવું લાગે છે કે માત્ર ‘ગ્લેમર ક્વોટા’ પૂરો કરવા જ લેવામાં આવી છે. વાર્તામાં તેમનું યોગદાન એટલું ઓછું છે કે ફિલ્મમાં ન લીધી હોત અથવા તેમના બદલે કોઈ ફોટોગ્રાફ મૂકી દીધા હોત તો પણ વાર્તાને કોઈ ફરક ન પડ્યો હોત. હીરોઈનોની હાજરી માત્ર ગીતોમાં પ્રભાસ સાથે ડાન્સ કરવા પૂરતી સીમિત રહી ગઈ છે. ‘ધ રાજા સાબ’ એવા લોકો માટે છે જેમને મગજ વાપર્યા વગર માત્ર પ્રભાસનો હસતો ચહેરો જોવો ગમે છે. પણ જેઓ વાર્તા, તર્ક અને પ્રભાસના દમદાર પર્ફોર્મન્સના આશાવાદી છે તેમના માટે આ કોઈ સાધારણ ટીવી શો જોવા જેવો અનુભવ બની શકે છે. સંજય દત્ત જેવો દિગ્ગજ કલાકાર કેમેરા પાછળ ખોવાઈ ગયો હોય તેવું લાગે છે. ભારેખમ VFX અને એનિમેશનના ઓવરડોઝમાં સંજયની અસલ અદાકારી માટે કોઈ જગ્યા જ બચી નથી. જે અભિનેતાની એક નજર દુશ્મનોને ડરાવવા માટે પૂરતી હોય તેને નિર્દેશકે VFX ના આવરણો નીચે દબાવી દીધો છે.

તેઓ ભૂલી ગયા કે માણસો ફિલ્મ જોવા ગયા હતા કાર્ટૂન નહીં. ‘ધ રાજા સાબ’ જેવી ફિલ્મો જ્યારે 3 કલાક ખેંચાય છે ત્યારે તેની અસરકારકતા અડધી થઈ જાય છે. જો ચુસ્ત રીતે એડિટ કરીને અઢી કલાકની કરવામાં આવી હોત તો તેનાથી અનેક ફાયદા થઈ શક્યા હોત. જે ઓવરડોઝ નડે છે તે ઓછો થઈ જાત. જે બિનજરૂરી દ્રશ્યો, લાંબા લચક ગીતો અને ખેંચાયેલી કોમેડી સિક્વન્સ મૂકી છે તેને કાપી નાખવામાં આવી હોત તો વાર્તાની ગતિ જળવાઈ રહી હોત. હોરર-કોમેડી જોનરમાં ટાઈમિંગ ખૂબ મહત્વની હોય છે. જો કોઈ જોક લાંબો ખેંચાય તો કંટાળાજનક લાગે અને ડરામણું દ્રશ્ય બિનજરૂરી મોટું હોય તો તેનો ભય જતો રહે છે. ‘મોટું બજેટ’ અને ‘મોટો સ્ટાર’ હોવાના મોહમાં નિર્દેશકો ફિલ્મની લંબાઈ ઘટાડી શકતા નથી. જે અંતે દર્શકો માટે માથાનો દુખાવો બની જાય છે.

ઓટોગ્રાફ !

સલમાનની ફિલ્મ ‘બેટલ ઓફ ગલવાન’ના ટીઝરમાં સ્લો-મોશનનો ઉપયોગ થયો છે એ જોતા લાગે છે કે ગલવાન પહોંચતા પહોંચતા જ અડધી ફિલ્મ પૂરી થઈ જશે અને આ ફિલ્મમાં દેશભક્તિ કરતાં ‘ભાઈભક્તિ’નો ડોઝ ડબલ લાગે છે! •

લેખકો સમાજને કેટલા ઉપયોગી?

દક્ષિણ ગુજરાતમાં ભયંકર જળસંકટ આવ્યું ત્યારની વાત છે. બે વ્યક્તિ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ ગઈ. એકે કહ્યું: ‘તમે ફલાણા સંપ્રદાયવાળા ‘ભક્તિફેરી’ના નામે સાજાસમા માણસને ત્યાં જઈને તેના હાલચાલ પૂછતા રહો છો. એ ખોટું નથી પણ એમ કરવાને બદલે માણસ મુશ્કેલીમાં હોય ત્યારે જઈને તેને મદદ કરતા હો તો લોકોને રાહત મળી શકે..!’ અને તેમણે અખબારનું પાનું બતાવી કહ્યું: ‘જુઓ આ 45 સેવાભાવી સંસ્થાઓએ સુરતમાં રાહતકાર્ય કર્યા એમાં તમારા સંપ્રદાયનું નામ ક્યાંય નથી. (બીજાએ વળતો હુમલો કર્યો. એ બન્નેની દલીલબાજી બાજુએ રાખી જરા જુદી દૃષ્ટિથી આ મુદ્દો વિચારી શકાય.)

દોસ્તો, લોકોની નજરમાં સમાજસેવાના માપદંડ ઘણાં સંદિગ્ધ છે. સમાજ સેવા એટલે દોડી દોડીને લોકોના કામ કરવા અથવા મદદ કરવી તેને જ લોકો

જીવન સરિતાને તીરે

દિનેશ પાંચાલ

સમાજસેવા ગણે છે. એક વાર એક શ્રદ્ધાળુએ એક મોટા સાહિત્યકારને ટોણો મારતા કહેલું: ‘તમે લેખકો સમાજને કોઈ રીતે ઉપયોગી હોતા નથી. છાપામાં લેખો લખવા એ કાંઈ સમાજસેવા ના કહેવાય..!’

મુદ્દો જરા વિવાદાસ્પદ છે. સમાજમાં પ્રત્યેક વ્યક્તિની એક ચોક્કસ ભૂમિકા હોય છે. અને દરેકના કર્મનું ચોક્કસ મૂલ્ય હોય છે. એક માણસ બીજાની ભૂમિકા કરી શકતો નથી. પરંતુ તેથી તેનું મૂલ્ય ઘટી જતું નથી. એક માના બે દીકરામાંથી એક મજૂર બને છે. અને બીજો બહુ મોટો વિદ્વાન બને છે. મજૂર પાંચ મણ ઘંઉની ગૂણ ચોથે માળે ચઢાવી શકે છે. વિદ્વાન એવું કરી શકતો નથી. એથી એવું તારણ ન કાઢી

શકાય કે મજૂર સમાજને ઉપયોગી છે અને વિદ્વાન નથી. શક્ય છે વિદ્વાન પાસે ઘંઉનો મબલખ પાક કેવી રીતે ઉગાડી શકાય તે અંગેનું વિશેષ જ્ઞાન હોય. એ સંજોગોમાં તે સમાજને વિશેષ ઉપયોગી નીવડી શકે. એમર્સને એક સરસ વાત કહી છે. તેણે કહેલું: ‘સંસારમાં જ્ઞાનીઓ, પંડિતો અને વિદ્વાનોની ભુમિકા સમજવા જેવી છે. તેઓ હાઈવે પર લગાવવામાં આવતા માર્ગસૂચક પાટિયાં જેવા હોય છે. એ બોર્ડ વડે મુસાફરોને માર્ગ અંગે ચોક્કસ જાણકારી મળી શકે છે જે ખૂબ જ જરૂરી હોય છે..!’ એ અંગે એક ઉદાહરણ પ્રાસંગિક થઈ પડશે. ભગવાન પાસે પહોંચેલી એક ડોશીને ભગવાને પૂછ્યું: ‘‘તું સ્વર્ગમાં જવાની ઈચ્છા ધરાવે છે પણ તેં કાંઈ દાનપુણ્ય કર્યાં છે ખરાં..?’’ ડોશીએ કહ્યું: ‘‘હું તો સાવ ગરીબ હતી. હું દાનપુણ્ય શી રીતે કરી શકું?’’ ભગવાને કહ્યું: ‘‘તારી પાસે ભલે બીજું કાંઈ ન હતું પણ એક દળવાની ઘંટી તો હતી ને..! તે દ્વારા પણ તું થોડી લોકસેવા કરી શકી હોત. પણ તેં તારી ઘંટી પર મહોલ્લાના એક પણ જરૂરતમંદને દળવા દીધું ન હતું. એથી તું સ્વર્ગને પાત્ર નથી. ભલાઈનાં કામો કરવા માટે લક્ષાધિપતિ હોવાનું જરૂરી નથી. માણસ જે સ્થિતિમાં હોય ત્યાંથી જે શક્ય હોય તે ભલાઈનાં કામો તેણે કરવા જોઈએ..!’’

દોસ્તો, પ્રત્યેક મનુષ્યની ઉપયોગિતા માટે ચોક્કસ ક્ષેત્રો હોય છે. જ્યાં સોયની જરૂર હોય ત્યાં તલવાર કામ આવી શક્તી નથી. એથી યુદ્ધ સોયથી નહીં તલવારથી જ લડી શકાય છે અને દરજી પાસે ખૂબ મોંઘી તલવાર હોય તો પણ તે વડે તે સીવી શકતો નથી. વિલ રોજર્સે કહ્યું છે: “સંસારનો દરેક માણસ અજ્ઞાની છે. દરેકનું અજ્ઞાન જુદા જુદા વિષયનું હોય છે. આપણે એ કથનને આ રીતે પણ કહી શકીએ: ‘સંસારનો દરેક માણસ ઉપયોગી છે. દરેકની ઉપયોગિતાના ક્ષેત્રો જુદાં જુદાં હોય છે. જેમ કે એક હાડવૈદ્ય તૂટેલું હાડકું ક્ષણમાં બેસાડી આપે છે પણ તેના દીકરાને છાતીમાં દુખાવો ઉપડે છે ત્યારે તે લાચાર બની જાય છે. એક મોચી બૂટ ચંપલના ટાંકા લઈ શકે છે પણ શરીર પર ઘા પડ્યો હોય ત્યારે તે લાચાર બની જાય છે. એ મોચી બુટ ચંપલના ટાંકા લઈ શકે છે પણ પોતાનું પેન્ટ સીવડાવવા એણે દરજી પાસે જવું પડે છે. લેખકોની વાત પર આવીએ. છાપામાં લખવું એ કાંઈ સમાજસેવા ના કહેવાય એવું ઘણી વાર કહેવાય છે. એથી અત્રે કલમકારોના સામાજિક પ્રદાનોનો ઉલ્લેખ અનિવાર્ય બને છે. ‘ગુજરાતમિત્ર’ની જ વાત કરીએ તો શ્રી ભગવતીકુમાર શર્માને જેમણે જોયા છે તેઓ તેમના પાતળા શરીરબાંધાથી સુપેરે પરિચિત છે પણ એમના પરિપક્વ કલમ કૌશલ્યથી રાજકારાણીઓ પણ પ્રભાવિત થાય છે. શ્રી શર્મા સ્વયં પૂરપીડિતોને

પ્રત્યેક મનુષ્યની ઉપયોગિતા માટે ચોક્કસ ક્ષેત્રો હોય છે. જ્યાં સોયની જરૂર હોય ત્યાં તલવાર કામ આવી શક્તી નથી. એથી યુદ્ધ સોયથી નહીં તલવારથી જ લડી શકાય છે અને દરજી પાસે ખૂબ મોંઘી તલવાર હોય તો પણ તે વડે તે સીવી શક્તો નથી

ફૂડપૅકેટ વહેંચવા ન જઈ શકે પણ નગરપાલિકાને જરૂર પ્રેરણા આપી શકે. ક્ષતિનિર્દેશ પણ કરી શકે. શ્રી રમણ પાઠકે કલમ દ્વારા ગુજરાતમાં સઘન વૈચારિક ક્રાંતિ સર્જી છે. અનેક રેશનાલિસ્ટો પેદા કર્યા છે. એક ગ્રામીણ વાચકે એક વાર લખેલું: ‘રમણ પાઠકે મારી વિચારધારા બદલી નાખી છે પણ એ માટે હું પહેલો આભાર ‘ગુજરાતમિત્ર’નો માનું છું. કહેવાય છે કે ગુરુ અને ભગવાન બન્ને સાથે ઊભા હોય તો પહેલા ગુરુનો ચરણસ્પર્શ કરવો જોઈએ. એથી પહેલા હું રમણ પાઠકને નહીં, ‘ગુજરાતમિત્ર’ને વંદન કરું છું. શ્રી રમણ પાઠક અને શ્રી શશિકાન્ત શાહ કદી એકલે હાથે શૈક્ષણિક ક્રાંતિ ન કરી શકે. તેઓ શિક્ષણની સમસ્યાઓ પર ધારદાર રજૂઆત કરે ત્યાં તેમનું કલમ કર્તવ્ય પૂર્ણ થયેલું ગણાય. સેઈન્ટ એક્ઝ્યુપેરીએ સાચી વાત કહી છે: ‘એક કાતરિયામાં પડેલો માણસ પણ પૂરી તીવ્રતાથી સળગશે તો આખી દુનિયાને આગ લગાડશે..!’

ધૂપછાંવ

દોસ્તો, સેવા અનેક રીતે અનેક ક્ષેત્રોમાં થઈ શકે છે. તેથી કેવળ લેખકો જ નહીં કવિઓ, ચિત્રકારો, નાટ્યકારો, કલાકારો, શિલ્પીઓ, સંગીતકારો.. બધાં જ સમાજ માટે ઉપયોગી છે. •